# ધાનેરા પંથકમાં ઓરીના કેસ વધતાં આરોગ્ય તંત્રની ૧૫ ટીમો કામે લાગી

ધાનેરા તા.૧૪

ધાનેરા તાલુકા તેમજ શહેરી વિસ્તારમાં ઓરીના રોગમાં વધારો થતા અનેક બાળકો ઓરીના રોગથી પીડાઈ રહ્યા છે. જ્યારે આરોગ્ય વિભાગની ૧૫ ટીમો દ્વારા પણ ઓરીના રોગને ડામવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે ,શહેરી તેમજ ગ્રામીણ વિસ્તારમાં ઓરીના રોગમાં ઉછાળો જોવા મળી રહ્યો છે. અનેક બાળકો ઓરીના રોગથી પીડાઈ રહ્યા છે. ધાનેરાની ખાનગી તેમજ સરકારી હોસ્પિટલોમાં પણ ઓરીના રોગના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે.



જેમાં ખાનગી હોસ્પિટલમાં ૩૦૦થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. ત્યારે તંત્ર દ્વારા પણ ઓરીના રોગને ડામવા માટેની તૈયારીઓ કરાઈ છે. જેમાં ૧૫ ટીમો દ્વારા ૧૧૪૮ વિટામિન ' એ ' ની ટેબલેટ આપવામાં આવી હતી. અત્યારે તો તંત્ર દ્વારા પણ આ રોગ પર અંકુશ લાવવા માટે કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં આરોગ્ય વિભાગે ૨૩૫૦ ઘરોમાં સર્વે હાથ ધર્યો હતો.

# ધાનેરામાં હેરોઈન સાથે વધુ ૬ આરોપીઓને ઝડપી પાડતી પોલીસ

ધાનેરા તા.૧૪

ધાનેરા પોલીસે ગત સોમવારે હેરોઈન સાથે રાજસ્થાનના બે શખ્સોને ઝડપી માદક પદાર્થ આપનારા અને મંગાવનારા ૧૭ શખ્સો સામે ફરિયાદ નોંધી હતી જે સંદર્ભે પોલીસે વધુ તપાસ હાથ ધરી તાલુકામાંથી ૬ આરોપીને ઝડપી પાડવા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે, જેના પગલે માદક પદાર્થોનું સેવન અને



હેરાફેરી કરતાં તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ધાનેરા તાલુકાના લવારા ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાનના બે ઈસમોને ૧૫,૫૦૦ ગ્રામ હેરોઈન સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા.

પકડાયેલ ઈસમોએ હેરોઈન આપનારા રાજસ્થાનના શખ્સ સહિત હેરોઈન મંગાવનારા તાલુકાના અન્ય ૧૪ ૬. ઈસમોના નામ આપ્યા હતા જે સંદર્ભે પોલીસે ૬ શખ્સોની અટકાયત કરી છે જેમાં મયુર ભરત નાઈ, રાજેશ શંકર ઠકકર, તુલસી શંકર રાઠોરી, હિતેષ વિનોદ સોની, સંજય પ્રતાપ લખવારા અને દશરથ ગી ઈશ્વર લુહારનો સમાવેશ થાય છે નોંધનીય છે કે, તમામ શખ્સો ૧૯થી ૩૦ વર્ષની ઉંમરના હોઈ પોલીસે નવયુવાનોને નશાને રવાડે ચઢતા અટકાવવા કમર કસી છે.

**પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ પર જ્ઞાનસેતુ શાળાઓનું ભવિષ્ય**

# ઉત્તર ગુજરાતમાં જ્ઞાનસેતુ શાળાઓ શરુ કરવાના સરકારના નિર્ણય સામે પ્રા.શિક્ષકોમાં છૂપો રોષ

**સરકારી શાળાઓનો મૃત્યુઘંટ વાગવાની દહેશત વ્યક્ત કરાઈ : ઉત્તર ગુજરાતમાં ૪૭ જ્ઞાનસેતુ શાળાઓ શરુ કરવાની હિલચાલ**

બાયડ, તા.૧૪

સરકાર દ્વારા રાજ્યના અનેક જિલ્લા અને તાલુકામાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ કરી જ્ઞાનસેતુ શાળાઓ શરુ કરવાનો નિર્ણય લીધો છે ત્યારે ઉત્તર ગુજરાત સહિત રાજ્યની સરકારી પ્રા.શાળાના શિક્ષકોમાં છૂપો રોષ સામે આવ્યો છે. સરકારનો આ નિર્ણય વાસ્તવમાં શિક્ષણનું ખાનગીકરણ છે અને સરકારી શાળાઓનો મૃત્યુઘંટ વાગશે તેવી દહેશત વ્યક્ત કરાઈ છે. ઉત્તર ગુજરાતમાં અંદાજીત ૪૭ જ્ઞાનસેતુ શાળાઓ પી.પી.પી.ના ધોરણે શરુ કરવાની હિલચાલ છે જેથી અનેક સરકારી શાળાઓ ભૂતકાળ બની શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તા.૩૦ જાન્યુઆરી-૨૦૨૩ના રોજ પરીપત્ર કરી ગુજરાત ની સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રદાન કરવાના ઉદ્દેશ્યથી સરકારે શાળા શિક્ષણની પ્રણાલી અને તેના માળખાકીય પરીવર્તન માટે પહેલ કરી છે તેવું જણાવી રાજ્યના દરેક તાલુકામાં અને મ્યુનિ.કોર્પોરેશન વિસ્તારોમાં સામાજીક ભાગીદારી દ્વારા જ્ઞાનસેતુ ડે-સ્કુલ સ્થાપવાનો ઠરાવ કર્યો છે અને નીતિનો ઉદ્દેશ્ય સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં ધો.૧ થી ૫ માં અભ્યાસ કરતા તેજસ્વી વિદ્યાર્થીઓને ઓળખી તેમને ધો.૬ થી ૧૨ સુધીનું શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત શાળાકીય શિક્ષણ પ્રદાન કરવાનો હોવાનું જણાવ્યું છે. પરંતુ સરકારના આ નિર્ણય સામે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લાના બહુમત સરકારી પ્રા.શાળાના શિક્ષકોએ છૂપો રોષ વ્યક્ત કર્યો છે. રાજ્યમાં પી.પી.પી.ના ધોરણે ૪૦૦ જેટલી શાળાઓ શરુ થશે અને તેમાં ૨ લાખ બાળકોને પ્રવેશ અપાશે ત્યારે સરકારી શાળાના તેજસ્વી બાળકો જ્ઞાનસેતુ શાળાઓમાં મોકલી દેવાશે અને સરકારીઓમાં સંખ્યા ઘટશે અને શાળાઓ પાસે માત્ર મધ્યમ અને નબળાં બાળકો રહેવાના કારણે સરકારી શાળાઓમાં શિક્ષકો ફાજલ થશે. જ્યારે સમગ્ર રાજ્યમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલવાળી શાળાઓમાં શિક્ષક ભરતી અને પગારની સત્તા પ્રોજેક્ટ પાર્ટનરને સોંપવામાં આવશે જેથી શિક્ષક અને બિનશૈક્ષણિક સ્ટાફભરતીમાં મહેકમ ઘટશે.

**ધો.૯ થી જ્ઞાનસેતુ શાળાઓમાં પ્રવેશ મેળવો જોઈએ**

સરકાર દ્વારા પી.પી.પી.ના ધોરણે જ્ઞાનસેતુ શાળાઓ પસંદગીના તાલુકામાં શરુકરવાનો નિર્ણય લઈ પરીપત્ર કરાયો છે તેની સામે સરકારી પ્રા.શાળાઓના શિક્ષકોમાં છૂપો રોષ દેખાયો છે અને જ્ઞાનસેતુ શાળાઓમાં ધો.૯ થી પ્રવેશ મળવો જોઈએ જ્યાં બાળકના રસ, પસંદગી અને વ્યવસાયલક્ષી કેળવણી વ્યવસ્થા હોય.

**જ્ઞાનસેતુ શાળાઓમાં સરકારી શિક્ષકોની ભરતી કરો**

રુચિ અનુસાર વિષય પ્રા.શિક્ષકોએ પણ હવે માંગ શરુ કરી છે કે જ્ઞાનસેતુ શાળાઓમાં પ્રોજેક્ટ પાર્ટનરને ભરતીની સત્તા આપવામાં આવી છે તે મુસીબત સમાન પૂરવાર થશે. જ્ઞાનસેતુ શાળાઓમાં સરકારી શિક્ષકોની ભરતી થવી જોઈએ. જેથી બી.એ., પી.ટી.સી., સી.પી.એડ્., એ.ટી.ડી., સંગીત વિશારદ, લાયબ્રેરી સાયન્સ, સ્પેશ્યલ એજ્યુકેશન, કમ્પ્યુટર ઈન્સ્ટ્રક્ટરની લાયકાત ધરાવતા બેરોજગારોને સરકારી નોકરી મળે અથવા સરકારી શાળાના પ્રતિભાશાળી શિક્ષકોને પ્રતિનિયુક્તિ આપવી જોઈએ તેવી માંગ પણ થઈ રહી છે.



ટ્રિનિટી એજ્યુકેશન કેમ્પસમાં આજરોજ માતૃ પિતૃ વંદના દિન નિમિત્તે હિંમતનગર વિધાનસભા બેઠકના ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય શ્રી વિ.ડી ઝાલા નગરપાલિકાના ઉપપ્રમુખ શ્રી ઋતુલભાઈ પટેલ, મોરચા પ્રમુખ રચનાબેન ગાંધી, ટેબલ ટેનિસના નેશનલ લેવલના પ્લેયર દરજી શીતલબેન, સંસ્થાના ટ્રસ્ટી શ્રીડૉ.વસંતભાઈ પટેલ, આચાર્યશ્રી અલ્પેશભાઈ પટેલ, શાળાના શિક્ષક મિત્રો તથા ખૂબ મોટી સંખ્યામાં વાલીગણ ઉપસ્થિત હતા....



થરાદમાંથી શંકાસ્પદ ૫૬૮ પાણીની બોટલ સીઝ કરાઈ... ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સેમ્પલ લઈ તપાસ ધરાઈ

# પાલનપુર પૂર્વ પોલીસે રિક્ષામાં દાગીના ભરેલી થેલી રહી જતા સિનિયર સીટીઝન મહિલાને ૪ કલાકમાં પરત અપાવી...

**શહેરમાં લગાવેલા નેત્રમ કેમેરાની મદદથી દાગીના મળ્યા...**




પાલનપુર તા.૧૪

પાલનપુરના હાઈવે વિસ્તારથી એક સિનિયર સિટીઝન મહિલા દાગીના લઈ અને દીકરીના ઘરે જવા રિક્ષામાં બેઠા હતા જેમણે શહેરના ગઠામણ દરવાજા વિસ્તારમાં ઉતરી રિક્ષાનું ભાડું આપ્યું ત્યારે રિક્ષાચાલક ત્યાંથી જતો રહ્યો હતો જોકે આ બાબતે પૂર્વ પોલીસ સ્ટેશનને જાણ કરતા પોલીસે દુકાનોના સીસીટીવી તેમજ શહેરમાં લગાવેલા નેત્રમ કેમેરાની મદદથી રિક્ષા ચાલકને શોધી અને મહિલાના દાગીના પરત અપાવ્યા હતા.

પાલનપુરના હાઈવે પર આવેલા નંદ બંગલોઝમાં રહેતા કમળાબેન પ્રહલાદભાઈ સોની ઉંમર વર્ષ ૭૨ શુક્રવારે પોતાની દીકરીને દાગીના આપવાના હતા.એ લઈ બપોરના સમયે નીકળ્યા હતા અને રિક્ષામાં બેઠા હતા. જ્યાંથી ગઠામણ દરવાજા વિસ્તારમાં ઉતરી રિક્ષાનું ભાડું ચૂકવ્યું હતું ત્યારે રિક્ષા ચાલક ત્યાંથી નીકળી ગયો હતો જોકે તેમણે બૂમો પાડી હતી પરંતુ રિક્ષાચાલકને બમ સંભળાઈ ન હતી.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેથી તેમના દીકરાને જાણ કરતા તેમણે પૂર્વ પોલીસમાં મથકે આ બાબતે જાણ કરી હતી. અને પૂર્વ પોલીસના પીઆઇ જેપી ગોસાઈના માર્ગદર્શન દ્વારા પૂર્વ પોલીસ સ્ટાફે તરત જ ઘટના સ્થળે પહોંચી અને આજુબાજુની દુકાનોના સીસીટીવી તેમજ શહેરમાં લગાવેલા નેત્રમ સીસીટીવી કેમેરા આધારે રીક્ષાનો નંબર મેળવ્યો હતો .

અને તેના માલિક સુધી પહોંચ્યા હતા જોકે રિક્ષા માલિકે આ રીક્ષા ડ્રાઈવર ચલાવતો હોવાનું જણાવી તેનો નંબર આપ્યો હતો અને પોલીસે તેને ફોન કર્યો હતો તેથી તેણે જણાવ્યું હતું કે આ રિક્ષામાં જવેલર્સ લખેલી એક થેલી રહી ગયો છે. અને હું પોલીસ સ્ટેશન જ આવી રહ્યો છું .જેથી તેણે પોલીસને આ દાગીના ભરેલી થેલી સુપ્રત કરી હતી જે જિલ્લા પોલીસવડાએ આ દાગીના ભરેલો થેલી મૂળ માલિક કમળાબેન પ્રહલાદભાઈ સોની અને તેમના પરિવારને સોંપી હતી અને પરિવારે પોલીસનો ખૂબ જ આભાર માન્યો હતો.

**પોલીસની સતર્કતા અને નેત્રમ દ્વારા અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપ્યો છે.**

પાલનપુર શહેર તેમજ અંબાજીમાં લગાવેલા નેત્રમ સીસીટીવી કેમેરા દ્વારા અપરાધો ઓછા થયા છે અને અસામાજિક તત્વોમાં ડર છે જેને લઈને અત્યારે ક્રાઈમ ઓછો થયો છે અને આરોપીઓને પણ પકડવામાં ખૂબ જ મદદ મળે છે એવું જિલ્લા પોલીસવડા અક્ષયરાજ મકવાણાએ જણાવ્યું હતું

**પોલીસની મદદથી મને દાગીના પરત મળ્યા**

હું દાગીના લઈ અને રિક્ષામાં બેઠી હતી જેમાં ડાયમંડની સોનાની વીંટી, બુટ્ટી ,નાકની ચૂક, સહિતના બે તોલા ના સોનાના દાગીના હતા જે ભાડું ચૂકવ્યુ ત્યાં રીક્ષા ચાલક નીકળી ગયો હતો પરંતુ પોલીસને જાણ કરતા તરત જ આવી મને માત્ર ચાર કલાકમાં જ દાગીના પરત મળ્યા હતા તેવુ કમળાબેન પ્રહલાદભાઈ સોની એ જણાવ્યું હતું.

# વધુ એકવાર ૧૦૮ દેવદૂત બની: એમ્બ્યુલન્સમાં પ્રસૂતાની ડિલીવરી

**જાણો સમગ્ર ઘટનાક્રમ,બાળક-પ્રસૂતાનો કેવી રીતે EMT એ બચાવ્યો જીવ : બાળકના ગળે ગર્ભનાળ વીંટળાઈ જતા ઈએમટી પ્રમોદભાઈએ સફળતા પૂર્વક ગળામાંથી દૂર કરી નવજાત શિશુને બચાવી લીધું**

મોડાસા, તા. ૧૪

નવાં ઈક્વિપમેન્ટ્સથી સજ્જ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા પ્રસૂતા મહિલાઓ માટે દેવદૂત સમાન બની છે. ૨ખે ને પ્રસુતિ માટે હોસ્પિટલે જતી વેળાએ જ કોઈ મહિલાને લેબર પેઈન થાય તો સ્થળ પર જ ડિલિવરી આ નવી ૧૦૮માં આસાનીથી થઈ શકે છે મોડાસા તાલુકાના ગાજણ ગામના પરિવાર માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ છે જેમાં એક પ્રસૂતાની હાલત ખરાબ થતા EMT એ રસ્તા પર જ એમ્બ્યુલન્સ રોકી આ મહિલાની સફળ ડિલેવરી કરાવી હતી. અને બાદમાં માતા-પુત્રીને નજીકના દવાખાને ખસેડાયા હતા જ્યાં હાલ બંને સંપૂર્ણપણે સ્વસ્થ છે. મોડાસા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સના ઈએમટી પ્રમોદભાઈ અને પાયલોટ અંકિતભાઈને ગાજણ ગામમાં મનીષાબેન નામની મહિલાને પ્રસૂતાની પીડા ઉપાડતા કોલ મળતા તાબડતોડ ગાજણ ગામે પહોંચી પ્રસુતાને એમ્બ્યુલન્સમાં દવાખાને ખસેડતા રસ્તામાં પ્રસુતાને અસહ્ય પીડા થતા રોડ સાઈડ એમ્બ્યુલન્સ ઉભી રાખી મહિલાને તપાસતા બાળકના ગળામાં ગર્ભનાળ વીંટળાઈ જતા



નવજાત શિશુને જીવનું જોખમ જણાતા બાળકના ગળે વીંટળાયેલ ગર્ભનાળ ભારે જહેમત બાદ દૂર કરી નોર્મલ ડીલેવરી કરાવી બંનેને સ્થળ પર ૧૦૮ના ઈઆરસીસી તબીબની સલાહ મુજબ સારવાર આપી બંનેને દધાલિયા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડાયા હતા ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની મદદથી માતા અને બાળક બંને સંપૂર્ણ સ્વસ્થ હોવાથી પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ઈએમટી પ્રમોદભાઈ અને પાયલોટ અંકિતભાઈનો પરિવારજનોએ આભાર વ્યક્ત કર્યો હતો

**૧૨.૭૭ લાખના Mobile ચોરીમાં ઘર કા ભેદી લંકા ઢાયે**

# અરવલ્લી LCBએ દુકાનના કર્મચારી સહીત ત્રણને ચોરીના મોબાઈલ સાથે દબોચ્યા

**મોબાઈલ શો-રૂમમાં નોકરી કરતા મો.સાહિલ પઠાણ મોબાઈલ ચોરીના ગુન્હાનો મુખ્ય સૂત્રધાર નીકળ્યો :હિંમતનગર આગીયોલ ગામના બે લબરમુછિયાને ચોરીના મોબાઈલ સાથે ઝડપ્યાઃ SP સંજય ખરાતે ચોરીના મોબાઈલ ખરીદનાર પણ હાથવેંતમાં હોવાનું જણાવ્યું**

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના કોલેજ રોડ પર મખદૂમ ચોકડી નજીક મોબાઈલ ડિસ્ટ્રિબ્યુટર્સ પટ્ટીવાલા ટ્રેડિંગમાં ગુરુવારે રાત્રે તસ્કરો ત્રાટકી ૧૨.૭૭ મોબાઈલ અને સ્માર્ટ વોચની ચોરીના ગુન્હાનો ભેદ જીલ્લા એલસીબી પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખી ચોરીના મોબાઈલ વેચવાની ફિરાકમાં રહેલા દુકાનમાં નોકરી કરતા કર્મી અને તેના બે મિત્રોને હજીરા નજીક પુલીયા પાસેથી બાઈક સાથે દબોચી લઈ ૧૩.૨૪ લાખના મુદ્દામાલ જપ્ત કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાતના માર્ગદર્શન હેઠળ મોડાસા શહેરમાં થયેલ લાખ્ખો




રૂપિયાના ચોરીના મોબાઈલ ગુન્હાનો ભેદ ઉકેલવા જીલ્લા એલસીબી અને એસઓજી સહીત ટાઉન પોલીસને શખ્ત કાર્યવાહી આદેશ આપતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. અરવલ્લી જીલ્લા એલસીબી પીઆઈ કે.ડી.ગોહિલ અને તેમની ટીમે પટ્ટીવાલા ટ્રેડર્સ નામની મોબાઈલ દુકાનમાં ચોરીની તપાસનો ધમધમાટ શરૂ કરી શહેરમાં લાગેલા નેત્રમ કેમેરા, બાતમીદારો સક્રિય કરતા ચોરીના મોબાઈલ વેચવા ત્રણ યુવાનો પ્લેટિના બાઈક પર હજીરા નજીક હિંમતનગર રોડ પર આવેલ પુલીયા નજીક ઉભા હોવાની બાતમી મળતા તાબડતોડ ત્રાટકી ત્રણે આરોપીને દબોચી લઈ ચોરીના મોબાઈલ સાથે ત્રણે દબોચી લીધા હતા એલીસીબી પોલીસે ત્રણેની આગવી ઢબે પૂછપરછ કરતા મોબાઈલની દુકાનનો કર્મી મોહમ્મદ સાહિલ ઝહીર અબ્બાસ પઠાણ જ ચોરીના ગુન્હાનો માસ્ટર માઈન્ડ હોવાનું બહાર આવતા પોલીસ ચોંકી ઉઠી હતી મોં.સાહીલ અબ્બાસે ચોરીને અંજામ આપવા હિંમતનગરના આગીયોલના બે મિત્રો ઈરફાન બિલાલ મન્સૂરી (હાલ રહે,આરટીઓ સર્કલ હિંમતનગર) અને મનીષ અમરત પરમારની મદદથી દુકાનમાં લગાવેલ પ્લાયવુડ પાટિયું હટાવી મોબાઈલ ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા

અરવલ્લી એલસીબી પોલીસે ત્રણે આરોપીને દબોચી લઈ ચોરી કરેલ ૫૪ સ્માર્ટ ફોન અને ૫ સ્માર્ટ વોચ મળી રૂ.૧૨૫૩૬૬૧/- સાથે બાઈક મળી ૧૩.૨૪ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ગણતરીના કલાકોમાં ગુન્હાનો ભેદ ઉકેલી નાખ્યો હતો

# ૮૫માં નેશનલ પ્રોડકટીવીટી - ડે દિનની ઉજવણી



ભિલોડા, તા.૧૪

૮૫માં નેશનલ પ્રોડકટીવીટી - ડે (રાષ્ટ્રીય ઉત્પાદકતા દિવસ) નિમિત્તે ગ્રામ વન વિકાસ મંડળ, વાઘેશ્વરી ખાતે કોટ હનુમાનજી મંદિરે નાયબ વન સંરક્ષક,અરવલ્લી જીલ્લા વન વિભાગ,મોડાસાના એસ.એમ. ડામોરના માર્ગદશન હેઠળ ભિલોડા રેન્જના આર.એફ.ઓ. / એસ.પી.રહેવરના અધ્યક્ષ સ્થાને વન મંડળીના સભાસદો, ગ્રામજનો વન મંડળીના પ્રમુખ ચંદુભાઈ મોતીભાઈ બરંડા,પુર્વ પ્રમુખ લાલજીભાઈ બોડાત સહિત નિવૃત્ત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.વન મંડળીની જુદી - જુદી યોજનાઓનું માર્ગદર્શન આપ્યું હતું.નેશનલ પ્રોડકટીવીટી - ડે નિમિત્તે વાઘેશ્વરી વિસ્તારના જંગલ વિસ્તારમાંથી વાંસ સુધારણા યોજના હેઠળ વાંસનો જથ્થો ગ્રામજનોને વિના મૂલ્યે ફાળવણી કરવામાં આવ્યો છે.